# પારિવારિક જીવનના શિક્ષણ વિશે માતા-પિતા માટે માહિતી
# કિન્ડરગાર્ટનથી ધોરણ ૩

"પારિવારિક જીવનના શિક્ષણ માટે વર્જિનિયાના ધોરણો એક વ્યાપક, ક્રમિક K-12 અભ્યાસક્રમ પૂરો પાડે છે. તેમાં પારિવારિક જીવન અને સામુદાયિક સંબંધો, સંયમ વિશે શિક્ષણ, જાતીય પ્રવૃત્તિને ટાળવાનું મૂલ્ય, માનવ જાતીયતા અને માનવ પ્રજનનમાં વય-યોગ્ય સૂચનાઓનો સમાવેશ થાય છે. સૂચનાને માતાપિતાની સામેલગીરીને પ્રોત્સાહન આપવા, સકારાત્મક સ્વ-ખ્યાલોને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓના વિકાસના તબક્કાઓ અને ક્ષમતાઓ અનુસાર સાથીદારોના દબાણ અને આધુનિક જીવનના તણાવનો સામનો કરવા માટેની પદ્ધતિઓ પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે." (https://www.doe.virginia.gov/teaching-learning-assessment/instruction/family-life-education)

Hampton City Schools માટેના સ્કૂલ હેલ્થ એડવાઇઝરી બોર્ડ દ્વારા પારિવારિક જીવનના શિક્ષણમાં ઉપયોગમાં લેવામાં આવતી તમામ શિક્ષણ સામગ્રીને મંજૂરી આપવામાં આવી છે અને તેની સમીક્ષા કરવામાં આવી છે. માતા-પિતા અને વાલીઓને તેમના શાળા વિભાગ દ્વારા આપવામાં આવતા પારિવારિક જીવનના શિક્ષણના પ્રોગ્રામની સમીક્ષા કરવાનો અધિકાર છે, જેમાં પ્રોગ્રામમાં ઉપયોગમાં લેવામાં આવતી તમામ લેખિત અને પૂરક સામગ્રીનો સમાવેશ થાય છે.

### સામગ્રીની સમીક્ષા કરવાની રીતો:

- વિષયો અને પાઠોનો સારાંશ હેલ્થ એન્ડ વેલનેસ એજ્યુકેશન વેબસાઇટ, પર ફેમિલી લાઇફ એજ્યુકેશન ટૅબ હેઠળ જોઈ શકાય છે.
- માતાપિતા બસ લૉગ ઇન કરીને અને રિસોર્સિસ લિંક પર ક્લિક કરીને **પેરેન્ટ સ્ક્વેર** દ્વારા શિક્ષણ સામગ્રીને ઑનલાઇન જોઈ શકે છે.
- તમામ મુદ્રિત સામગ્રીની સંપૂર્ણ હાર્ડ કૉપી અને તમામ દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રીનું વર્ણન શાળાના મીડિયા સેન્ટરમાં અથવા મુખ્ય ઑફિસના વોલ્ટમાં રાખવામાં આવે છે, અને અપૉઇન્ટમેન્ટ દ્વારા શાળા વર્ષ પહેલાં અને તે દરમિયાન શાળાના ઑફિસના કામકાજના સમય દરમિયાન કોઈપણ માતા-પિતા અથવા વાલીને સમીક્ષા માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સામગ્રીની સમીક્ષા કરવા માટે, કૃપા કરીને તમારા બાળકના આરોગ્ય અને સુખાકારી શિક્ષકનો સંપર્ક કરો.

માતાપિતા તેમના બાળકને પારિવારિક જીવનની સૂચનાઓમાંથી બાકાત રાખી શકે છે. ***જો તમે ઇચ્છતા નથી કે તમારું બાળક પારિવારિક જીવનમાં ભાગ લે, તો કૃપા કરીને સૂચનાની શરૂઆત પહેલા તમારા બાળકના શિક્ષકને પત્ર લખો (સૂચનાની તારીખ નીચે જુઓ).*** કૃપા કરીને પત્રમાં તમારા બાળકનું પૂરું નામ, ધોરણ (ગ્રેડ) અને શાળાના નામનો સમાવેશ કરો. જે બાળકો ભાગ લેતા નથી, તેમના માટે શિક્ષક પારિવારિક જીવન વિશે શિક્ષણના પાઠોની જગ્યાએ વૈકલ્પિક પાઠોની વ્યવસ્થા કરશે. જો તમે ઇચ્છતા હો કે તમારા બાળકને પારિવારિક જીવન શિક્ષણની સૂચના મળે, તો તમારા તરફથી કોઈ પગલાં લેવાની જરૂર નથી.

જો તમે પારિવારિક જીવન વિશે શિક્ષણ માટે શીખવાના ધોરણોની સમીક્ષા કરવા માંગતા હો, તો શીખવાના ધોરણોની એક નકલ મળી શકે છે: અહીં. જો તમને Hampton City Schools માં અમારા ફેમિલી લાઇફ પ્રોગ્રામના કોઈપણ પાસા અંગે કોઈપણ પ્રશ્ન હોય તો કૃપા કરીને હેલ્થ એન્ડ વેલનેસ એજ્યુકેશન ઑફિસનો સંપર્ક કરતા અચકાશો નહીં.

### પારિવારિક જીવનના શિક્ષણમાં ધોરણ મુજબ શીખવવામાં આવતા વિષયો.

| | |
|---|---|
| **કિન્ડરગાર્ટન** | FLE K.4 વિદ્યાર્થીને ખબર પડશે કે દરેક વ્યક્તિ પરિવારનો સભ્ય છે અને પરિવારના ઘણા સ્વરૂપો હોય છે.<br>FLE K.5 વિદ્યાર્થી તેના પોતાના પરિવારના સભ્યોને ઓળખશે. |
| **પહેલું ધોરણ** | FLE 1.4 વિદ્યાર્થી પરિવારના મહત્વ અને પરિવારના વિવિધ સ્વરૂપની સમજનો વિકાસ કરશે.<br>FLE 1.5 વિદ્યાર્થી પરિવારની સફળ કામગીરીમાં યોગદાન આપવા માટે પરિવારના સભ્યો અને તેમની જવાબદારીઓને ઓળખશે. |

HCS પોતાના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં જાતિ, રંગ, રાષ્ટ્રીય મૂળ, લિંગ, વિકલાંગતા, ઉંમર અથવા અન્ય સંરક્ષિત વર્ગોના આધારે ભેદભાવ કરતા નથી અને બોય સ્કાઉટ્સ અને અન્ય નિયુક્ત યુવા જૂથોને સમાન પ્રવેશ પૂરો પાડે છે. નીચે જણાવેલી વ્યક્તિને બિન-ભેદભાવ નીતિઓ અંગેની પૂછપરછનું સંચાલન કરવા માટે નિયુક્ત કરવામાં આવેલ છેઃ Robbin G. Ruth, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, માનવ સંસાધન, One Franklin Street, Hampton, VA 23669 757-727-2000. 03/2023 ના રોજ સુધારેલ

| | |
|---|---|
| **બીજું ધોરણ** | FLE 2.7 વિદ્યાર્થી "ના" કહેવાની તૈયારીમાં અને માતાપિતા, શિક્ષક, મિનિસ્ટર, દાદા-દાદી અથવા વાલી જેવા વિશ્વસનીય પુખ્ત વયના લોકોને પરિવારના સભ્યો, પડોશીઓ, અજાણ્યાઓ અને અન્ય લોકો તરફથી અયોગ્ય અભિગમ વિશે ખાનગીમાં જણાવવામાં આગળ વધશે. |
| **ત્રીજું ધોરણ** | FLE 3.11 વિદ્યાર્થી અન્ય લોકોને દેખાડશે કે સારા સ્પર્શનો કેવી રીતે યોગ્ય પ્રતિસાદ આપવો અને સંબંધીઓ, પડોશીઓ, અજાણ્યાઓ અને અન્ય લોકો દ્વારા થતા અયોગ્ય અભિગમ સાથે કેવું વર્તન કરવું. |

**પારિવારિક જીવનની સૂચના લાગુ થશે ________________________.**

HCS પોતાના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં જાતિ, રંગ, રાષ્ટ્રીય મૂળ, લિંગ, વિકલાંગતા, ઉંમર અથવા અન્ય સંરક્ષિત વર્ગોના આધારે ભેદભાવ કરતા નથી અને બોય સ્કાઉટ્સ અને અન્ય નિયુક્ત યુવા જૂથોને સમાન પ્રવેશ પૂરો પાડે છે. નીચે જણાવેલી વ્યક્તિને બિન-ભેદભાવ નીતિઓ અંગેની પૂછપરછનું સંચાલન કરવા માટે નિયુક્ત કરવામાં આવેલ છેઃ Robbin G. Ruth, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, માનવ સંસાધન, One Franklin Street, Hampton, VA 23669 757-727-2000.